वसीकरण. न० (वशीकरण) શત્રુ, રાજા, સ્ત્રી વગેરે વશ થાય તેવું સાધન; મણિ, મંત્ર, ઔષધિ વગેરે. शत्रु, राजा, स्त्री आदि को वश में करने का साधन; मणि, मंत्र, औषधि वगैरह. A medicine, charm, gem etc by which a person can be captivated. विवा० २; नाया० १४; पिं० नि० ५०१; —सुत्त. न० (—सूत्र) વશીકરણ સૂત્ર; દોરો. वशीकरण सूत्र-दोरा. A thread to captivate people. निसी० ३, ६३;

वसु. न० (वसु) ધન; સંપત્તિ. धन; सम्पत्ति. Riches; wealth. उत्त० १२, ३६; जीवा० ३, ३; जं० प० ७, १५७; (२) पु० વસુમિત્ર નામનો એક ગૃહસ્થ. वसुमित्र नामक एक गृहस्थ. A man named Vasumitra नाया० ८; (३) દેવ. God. पण्ह० १, ३; (४) ધનિષ્ઠા નક્ષત્રનો અધિષ્ઠાતા દેવતા. धनिष्ठा नक्षत्र का अधिष्ठाता देवता. The presiding deity of Dhaniṣṭhā constellation. ठा० २, ३; अणुजो० १३१; सू० प० १०; (५) વસુ નામના ચૌદ પૂર્વધર આચાર્ય; તિષ્યગુપ્તના ગુરુ. वसु नामक १४ पूर्वधर आचार्य; तिष्यगुप्त के गुरु. A preceptor so named of Tiṣyagupta. विशे० २३३४; (६) એ નામનો એક રાજા કે જે એક વખત પણ અસત્ય-મિશ્ર વચન બોલ્યો તેથી તરત મરણ પામી સાતમી નરકમાં ગયો. एक राजा जो केवल एक बार झूठ बोलने के कारण मृत्यु पाकर ७ वीं नरक को प्राप्त हुआ. A king so named who once told a lie and therefore died immediately and went to the 7th hell. जीवा० ३, १; भत्त० १०१; (७) સાધુ; ત્યાગી. साधु; त्यागी. An ascetic; a renouncer. ठा० २, ३; (८) स्त्री० ઈશાનેન્દ્રની પહેલી તથા પાંચમી પટરાણી. ईशानेन्द्र की १ ली तथा ५ वीं पटरानी. The 1st and 5th principal queens of Īśānendra. भग० १०, ५; ठा० ४, २;

वसुंधरा. स्त्री० (वसुंधरा) પૃથ્વી; જમીન. पृथिवी; भूमि; जमीन. The earth. ओव० १७; (२) નવમા ચક્રવર્તીની સ્ત્રી. नवें चक्रवर्ती की पत्नी. Wife of the 9th Chakravarti. सम० प० २३४; (३) ચમરેન્દ્રના

લોકપાળ સોમની ચોથી પટ્ટરાણીનું નામ. चमरेंद्र के लोकपाल सोम की चौथी पटरानी का नाम. Name of the 4th principal queen of Soma, the Lokapāla of Chamarendra. ठा० ४, १; २; भग० १०, ५; (४) વસુંધરા દેવી. वसुधरा देवी. Goddess Vasundharā. नाया० ध० १०; (५) દક્ષિણ દિશાના રુચક પર્વત પર વસનારી આઠ દીશાકુમારીમાંની છેલ્લી. दक्षिण दिशा के रुचक पर्वत पर रहने वाली ८ दिशाकुमारियोंमेंसे अन्तिम. The last of the 8 Diśākumārīs residing on the Ruchaka mount of the south. जं० प० ५, ११४; (६) ઈશાનેન્દ્રની આઠમી અગ્રમહિષીનું નામ. ईशानेन्द्र की आठवीं अग्रमहिषी का नाम. Name of the 8th chief queen of Īśānendra. भग० १०, ५; (७) ઈશાનેંદ્રની ચોથી અગ્રમહિષીનું નામ. ईशानेन्द्र की चौथी अग्रमहिषी का नाम. Name of the 4th chief queen of Īśānendra. ठा० ४, २;

वसुगुत्ता. स्त्री० (वसुगुप्ता) ઈશાનેન્દ્રની બીજી પટ્ટરાણી. ईशानेन्द्र की दूसरी पटरानी. The 2nd principal queen of Īśānendra. ठा० ४, २; (२) ઈશાનેન્દ્રની છઠ્ઠી અગ્રમહિષીનું નામ. ईशानेन्द्र की छठी अग्रमहिषी का नाम. The 6th chief queen of Īśānendra. भग० १०, ५; (३) વસુગુપ્તા દેવી. वसुगुप्ता देवी. Vasuguptā goddess. नाया० ध० १०;

वसुदत्ता. स्त्री० (वसुदत्ता) વસુદત્તા નામની એક સ્ત્રી. वसुदत्ता नामक एक स्त्री. A woman named Vasudattā. विव० ५;

वसुदेव. पुं० (वसुदेव) કૃષ્ણ મહારાજ તથા બળદેવજીના પિતા. कृष्ण महाराज तथा बलदेवजी के पिता. Father of the lord Kṛṣṇa and Baladeva. जं० प० ७, १५७; ओघ० नि० ५३५; पण्ह० १, ४; उत्त० २२, १; सम०

वसुपुज्ज. पुं० (वसुपूज्य) બારમા તીર્થંકરના પિતા. बारहवें तीर्थंकर के पिता. The father of the 12th Tīrthankara. सम० प० २२६; प्रव० ३२४;

वसुमई. स्त्री० (वसुमती) રાક્ષસના ઇન્દ્ર ભીમેન્દ્રની બીજી પટ્ટરાણી. राक्षसेन्द्र भीमेन्द्र की दूसरी पटरानी. The 2nd principal queen of Bhīma, the lord of the demons. ठा० ४, १; (२) વસુમતી દેવી. वसुमती देवी. The goddess Vasumatī. नाया० ध० ५, (३) પૃથ્વી; જમીન. पृथ्वी; जमीन. The earth. सु० च० १५, ६१;

वसुमंत. त्रि० (वसुमत्) દ્રવ્યવાળો; ધનવાળો. धनवान्; श्रीमत. Rich; opulent. आया० १, १, ७, ६१; (२) વસુ-સંયમ-તદ્વાન્-સંયમી. संयमी; जितेन्द्रिय. Self-restrained आया० १, ५, ३, १५५; सूय० १, १३, ८; १, १५, ११;

वसुमित्ता. स्त्री० (वसुमित्रा) ઈશાનેન્દ્રની ત્રીજી પટ્ટરાણી. ईशानेन्द्र की तीसरी पटरानी. The 3rd principal queen of Īśānendra. ठा० ४, २; (२) ઈશાનેંદ્રની સાતમી અગ્રમહિષીનું નામ. ईशानेन्द्र की ७ वीं अग्रमहिषी का नाम. Name of the 7th chief queen of Īśānendra. भग० १०, ५; (३) વસુમિત્રા દેવી. वसुमित्रा देवी. The goddess Vasumitrā. नाया० ध० १०;

वसुया. स्त्री० (वसुका) વસુકા દેવી. वसुका देवी. The goddess Vasukā. नाया० ध० १०;

वसुल. पुं० (वृषल) नपुंसक; पावैयो. नपुंसक; हिजड़ा. A eunuch. (२) त्रि० शुद्र. शूद्र. A Śūdra आया० २, ४, १; १३४; (३) निन्दाकारी वा प्रशंसाकारी संबोधन वचन. निन्दक वचन या स्तुति अर्थ वाले वचन. A noun of address both slanderous and praising. नाया० ६;

वसुहा. स्त्री० (वसुधा) पृथ्वी पृथ्वी; वसुधा. The earth. विसे० १६५०; पण्ह० १, ३; जं० प०

वसुहारा. स्त्री० (वसुधारा) द्रव्यनी धारा; सुवर्ण वृष्टि. द्रव्य की धारा; सुवर्ण वृष्टि. A shower of gold, riches. भग० ३, ७; —वास. पुं० (-वर्ष) सुवर्णवृष्टि सुवर्णवृष्टि. A shower of gold. कप्प० ७, २०६; —(र)वुठि. स्त्री० (-वृष्टि) द्रव्य-सुवर्णनी धारा-वृष्टि. सुवर्ण की धारा-वृष्टि. A shower of gold, riches. विवा० १;

वस्स. त्रि० (वश्य) आधीन; परवश वशग; पराधीन; परवश. Subordinate; dependent. उत्त० ३२, १०४;

~ वह. धा० II. (वह्) वध करवो; खुन करवुं. वध करना; खून करना. To slay; to murder. (२) वहन करवुं; लई जवुं. वहन करना; ले जाना. To carry away.

वहइ. दस० ६, २, १६;

वहेइ. पिं० नि० भा० ३१; उत्त० १८, ३;

वहेंति. उवा० ८, २४३;

वहंति. जं० प० ७, १६२;

वहेमि., भग० ३, २; नाया० ६;

वोज्झिहिन्ति. भग० ७, ६;

वहिस्सामि. सूय० २, ४, ४;

वहिज्जमाण क० वा० व० कृ० नाया० १६;

वहावेइ. प्रे० निसी० १२, ४७;

वाहेइ. प्रे० निसी० १२, १६; १७; १८, १४;

वोज्झंत. नाया० १;

वहंत. नाया० १;

वहमाण. ओव० ३८; उत्त० २७, २; भग० ३, २; ५, ४; भग० १५, १; सु० च० २, ६१;

वह. पुं० (वध) वध करवो; खुन करवुं. वध करना; खून करना Murdering. उत्त० १, १६; ३८; १२, १४; ३५, ७; अणुजो० १३०; सूय० २, २, ६२; आया० १, ३, २, १३३; भग० १, ८; ३, २; ७, ६; ८, ८; १५, १; १६, २; नाया० २; ६; १६; १७; ओव० २१; ४१; दस० ६, ४६; ५५; ६, १, १; ६, २, १४; पिं० नि० भा० २४; पिं० नि० १२७; विसे० २२७; सु० च० २, २०१; भत्त० ८६; प्रव० ६६२; पंचा० १, १०; दसा० ७, १; (२) लाकडी वगेरेथी मार मारवो ते. लकड़ी आदिसे पीटना. Striking with a club etc. सूय० १, ५, २, १४; (३) वधनो परिषह; साधुना २२ परिषहमांनो अेक. वध का परिषह; साधु के २२ परिषहोंमेंसे एक. The affliction of murder; one of 22 afflictions of an ascetic. भग० ८, ८; —णिमित्त. न० (-निमित्त) वध निमित्त; हणवानुं निमित्त. हत्या का निमित्त; खून का कारण. The cause of murder, slaying. नाया० ६;

वह. पुं० (वह) बळदनी खांध. बैल की खांद-कन्धा. Shoulder of an ox. विवा० २;

वहअ. पुं० (वधक) वध करनार; खुनी. हत्यारा; घातक; खूनी. A murderer. सूय० २, ४, ४; ओव० नि० ७५०;

वहक. पुं० (वधक) જુઓ "वहग" શબ્દ. देखो "वहग" शब्द. Vide "वहग." जीवा० ३, ३;

वहगत्ता. स्त्री० (व्यथकता) તાડન કરવાપણું. ताडन; मार-पीट, व्यथा पहुँचाने का कार्य. The state of punishing, striking भग० १२, ७;

वहण. न० (वहन) યાન-ગાડું, રથ, સંગ્રામ વગેરે. यान, वाहन, गाड़ी, रथ, आदि A vehicle. उत्त० २७, २; (२) ઉપાડવું લઇ જવું. उपाडना; लेजाना. Carrying away. भत्त० १११; गच्छा० ५८; विशे० २०६; ओघ० नि० ५४६; (३) યાનપાત્ર; વહાણ, નાવ વગેરે. यानपात्र; वाहन, नाव आदि. A conveyance. पराह० १, १; —ट्ठ त्रि० (-अर्थ) ઉપાડવા માટે ले जाने के लिए. For the sake of carrying. नाया० २; भग० ७, १;

वहण. न० (व्यथन) મારવું; વધ કરવો. मारना; वध करना; हत्या करना. Murdering; slaying. पिं० नि० १२१; दस० १०, १, ४;

वहणा. स्त्री० (व्यथन) જુઓ "वहण" શબ્દ. देखो "वहण" शब्द. Vide "वहण." पराह० १, १;

वहावह. त्रि० (वधावह) પ્રાણી વધનો રસ્તો બતાવનાર. प्राणी वध का मार्ग बतानेवाला. (one) who shows the way of killing animals. "वहावह धम्म बसंसमाणा" सूय० २, ६, ४५;

वहित. त्रि० (अवहित) અવધારી જોયેલું. सावधानतापूर्वक देखाहुआ; निश्चित रूपसे देखा हुआ. Seen with attention. अणुजो० ४२;

वहिय. त्रि० (व्यथित) શસ્ત્ર પ્રહારથી વ્યથા પામેલ. शस्त्र प्रहारसे पीडित. Troubled by a blow of a weapon. नाया० ६; भग० ७, ६; जीवा० ३, ३; ज० प० विवा० १०;

वहुवर. पुं० (वधूवर) વહુ અને વર-સ્ત્રી અને પતિ. वरवधु; पति पत्नी; स्त्री पुरुष. Bride and bride-groom नाया० १६;

वहू स्त्री० (वधू) વહુ; ધણીયાણી; પરણેલી સ્ત્રી. बहू, गृहिणी; परिणीता पत्नी. Wife; bride. भग० ११, ११; नाया० ६; पिं० नि० २२५; अणुजो० १३०; सु० च० १, ३७३; (२) નવોઢા સ્ત્રીની પેઠે મસ્તક નમાવી કાઉસગ્ગ કરવાથી લાગતો એક દોષ. नवोढा स्त्री के समान सिर नमाकर काउसग्ग करनेसे लगनेवाला दोष. A fault of meditation incurred by lowering the head like a newly married bride प्रव०२४६;

√**वा.** धा० I. (वा) વાયુ; પવનનું સંચરવું. बहना; हवा का संचरण करना; वायुका चलना. To blow.

वाति. भग० १६, ६; १८, ७;

वायंति नाया० ११; भग० ५, १; २;

वंति. सूय० १, १२, ७;

वाएज्ज. निसी० १७, ३२;

वाहिति. भवि० जं० प०

वायंत. सु० च० ३, २१७; पिं० नि० ८२;

वायमाण. ओघ० नि० २०६; भग० १८, ७;

वा. अ० (वा) અથવા; યદ્વા. अथवा; वा; या; यद्वा. Or; also. (२) અને; સમુચ્ચય. और; तथा; समुच्चय. Also. जं० प० ५, ११२; आया० १, १, १, २; १, १, १, ४; १, ६, २, १८३; सूय० १, १, १, १; नाया० १; २; ७; ८; ६; १०; १३; १४; भग० १, ७; २, १; दस० ४; ६, १०; २०; प्रश्न० १७; क० गं० १, २१; २, ३२; ३४; गच्छा० ७६;

वाइ. त्रि० (वादिन्) વાદી; વાદ કરનાર; વાદ લબ્ધિ સંપન્ન. वादी; वाद करनेवाला; वाद लब्धिसे युक्त A disputant; (one) who discusses; (one) who possesses the attainment of discussion जं० प० ५, ११५; नाया० ८; ओव० १६; सूय० १, १, १, १४; सम० प० १५८; ओघ० नि० भा० २७; राय० २७६; विशे० १३३३; प्रव० ६; ५५१; ६३६; ६४८; १२०२. कप्प० ५, १४२; —मुणि. पुं० (—मुनि) શાસ્ત્રવાદ-ધર્મ ચર્ચા કરનાર મુનિ. शास्त्रवाद; धर्मचर्चा करनेवाला मुनि A sage who carries on religious discussion. प्रव० ३४६;

वाइअ. त्रि० (वाचिक) વચન સંબંધી; વાણી સંબંધી. वचन सम्बन्धी; मौखिक; वाणी विषयक; ज़बानी. Oral. जं० प० ७, १४०; विशे० ३५५; ३५६; ओव० ३२; पिं० नि० १२३; आव० १, ४; (२) વાજિંત્ર વગાડવાની કળા. वाद्य-बाजा बजाने की कला. The art of playing on a musical instrument. नाया० १; ओव० ४०;

वाइंगणी. स्त्री० (वृन्ताकी) રીંગણી; શાક વનસ્પતિની એક જાત. बेंगन; शाक वनस्पति की एक जाति. Bringal; a vegetable. पन्न० १;

वाइज्जंत त्रि० (वाद्यमान) બજાવાતું. बजाया जाता हुआ. Being played upon. राय०

वाइत्त. न० (वादित्र) વાજીંત્ર; તત, વિતત, ઘન, શુષિર, એ ચાર જાતના વાદ્યમાંનું ગમે તે એક. बाजा-बाजा; तत, वितत, घन, शुषिर इन चार भाँति के बाद्योंमेंसे कोई भी एक. A musical instrument. राय० ६६;

वाइद्ध. त्रि० (व्याविद्ध) ઘણું દૃઢ. अत्यन्त दृढ़. Very firm. (२) વાંકું टेढ़ा; वक्र; बांका. crooked. भग० १६, ४; (३) ઓછું અધિકું બોલવું. कम या ज्यादा बोलना. Speaking much or less. विशे० ८५३; —क्खर. न० (—अक्षर) હોય તે કરતાં ઓછું અધિકું બોલવું તે; જ્ઞાનનો એક અતિચાર. आवश्यकतासे अधिक या कम बोलना; ज्ञान का एक अतिचार Speaking much or less than what is a lapse in knowledge. विशे० ८५३;

वाइय. न० (वादित) બજાવેલું. बजाया हुआ. Played upon. भग० ११, ११; राय० १६; कप्प० २, १३; (२) વાજાં, મૃદંગ, નગારા વગેરે. बाजे, मृदंग, नक्कारे आदि. A musical instrument. नाया० ८; उत्त० १३, १४; आया० २, ११, १४०; सूय० २, २, ५५; निसी० १२, ३२; पन्न० २; सु० प० १८; ओव० ३४;

वाइय. त्रि० (वातिक) વાયુના રોગવાળો. वायु रोगवाला; वातरोगी. Gouty; rheumatic ठा० ३, ४; ४, ४; वेय० ४, ४; नाया० ५; प्रव० ८००; (२) વાયુનો રોગ वातरोग. Rheumatism; gout. नाया० १; भग० २, १;

वाइय त्रि० (वाचित) વંચાવેલ; શીખવેલ. पढ़ाया हुआ; सिखाया हुआ. (one) who is caused to read; taught. आया० १, ६, ३, १८७; उत्त० २७, १४;

वाइय. पुं० (वादिक) વાદ કરનાર. वादी; वाद करनेवाला. A debater. बव० ८, १०;

वाउ. पुं० (वायु) વાયરો; પવન. वायु; पवन; हवा. Wind. भग० ६, ७; १८, ८; १६, ३; २४, २०; ओव० २१; सूय० १, १, १, ७; विशे० २०६; पिं० नि०

भग० ६; दस० ७, ५१; कप्प० ५, ११६; क० प० ४, ७३; गच्छा० ७५; (२) श्वासोच्छ्वास. श्वासोच्छ्वास. Breath. ओघ० १०; (३) वायुकायना जीव. वायुकाय के जीव. Soul of the wind-embodiment. उत्त० २६, ३०; ३६, १०७; ठा० १, १; (४) એક અહોરાત્રના ત્રીશ મુહૂર્તમાંના ચોથા મુહૂર્તનું નામ. एक अहोरात्र के तीस मुहूर्तों मेंसे चौथे मुहूर्त का नाम. Name of the 4th muhūrta (part of a day) out of 30. सम० ३०; जं० प० ५, ११७; ७, १५२; (५) વાયુ દેવતા, સ્વાતિ નક્ષત્રનો અધિષ્ઠાતા દેવતા. वायु देवता; स्वाति नक्षत्र का अधिष्ठाता देवता. The god of wind; the presiding deity of Svāti constellation. अणुजो० १३१; सू० प० १०; प्रव० ११४३; ठा० २, ३; (६) શક્રેન્દ્રના ઘોડેસ્વાર લશ્કરનો અધિપતિ. शक्रेन्द्र की घुड सवार सेना का नायक. The commander of the cavalry of Śakrendra ठा० ५, १; —उद्धुय-अ. त्रि० (-उद्धत) પવનથી કંપિત થયેલ. वायुसे हिला हुआ. Shaken by the wind. सम० ५० २१२; नाया० १; —पइट्ठिय. त्रि० (-प्रतिष्ठित) પવન ઉપર રહેલું. हवा पर स्थित. Placed on the wind. भग० ६, ५; —भक्खि. पुं० (-भक्षिन्) વાયુનું ભક્ષણ કરનાર. वायु का भक्षण करनेवाला. (one) who lives upon wind. भग० ११, ६; —मंडलिया. स्त्री० (मण्डलिका) સમુદ્રના પાણીને મંડળાકારે (વમળ) કરનાર તોફાની પવન. तुफानी हवा, जिसके कारण समुद्र के पानीमें भौंरे पडने लगते हैं. A cyclone. पन्न० १; —वासि. त्रि० (-वासिन्) પવનમાં રહેનાર. हवामें रहने वाला. (one) living in the air. भग० ११, ६; —संखुभिअ. त्रि० (-संक्षुभित) પવનથી ખળભળેલું. हवा के कारण खलबलाहुआ-क्षुभित. Agitated by the wind. प्रव० १५६२;

वाउअ. त्रि० (व्यापृत) યોજેલ; ગોઠવાયેલ. युक्त; योजित; जुडाहुआ; सजायाहुआ. Attached to; arranged ओव० ११; २६:

वाउकाअ. पुं० (वायुकाय) વાયુકાય; પવન. वायुकाय; पवन. Wind-embodiment; the wind. भग० ३, ४; ५, २; नाया० ५; सम० ६; आया० १, ६, १, १२; आव० ४, ७; —समारंभ. पुं० (-समारंभ) વાયુકાયનો આરંભ; વાયુના જીવને ઉપદ્રવ કરવો તે. वायुकाय का आरंभ; वायुकाय जीवों को पीड़ा पहुँचाना. Causing injury to the living beings of the wind. दस० ६, ४०; भग० ७, १०;

वाउकाइय. पु० (वायुकायिक) વાયુકાયના જીવ वायुकाय के जीव Soul, living being of the wind. भग० १, ५; ६, ३४; १७, १०; २४, १४; पन्न० १; दस० ४,

वाउकाइयत्त. न० (वायुकायिकत्व) વાયુકાય પણું. वायुकायित्व. The state of wind-embodiment. भग० ८, ६;

वाउकाइयत्ता. स्त्री० (वायुकायिकता) વાયુકાય પણું. वायुकायित्व; वायुकायपन. The state of wind-embodiment. भग० २०, ६;

वाउकुमार. पुं० (वायुकुमार) ભવનપતિ દેવતાની નવમી જાતિ. भवनपति देवता की नवीं जाति. The ninth class of Bhavanapati gods. पन्न० १;

—आहूवणा. न० (-आह्वान) વાયુકુમાર દેવતાને બોલાવવું. वायुकुमार देवता को बुलाना. Inviting Vāyu kumāra gods. पचा० २, १३; —इंद. पुं० (-इन्द्र) વાયુ કુમારનો ઇન્દ્ર. वायुकुमारों का इन्द्र. The lord of Vāyu kumāras सम० ४६;

वाउक्कलिया. स्त्री० (वातोत्कलिका) ધીમે ધીમે ફેરી ફેરીને વાયરો વાય તે. धीमी २ हवा का वहना. A slowly blowing breeze. भग० १५, १, पन्न० १;

वाउक्काइय. पुं० (वायुकायिक) જુઓ "वाउकाइय" શબ્દ. देखो "वाउकाइय" शब्द. Vide "वाउकाइय." भग० १५, १; २४, १२; २५, ४; २६, १; जीवा० १;

वाउक्काय. पुं० (वायुकाय). જુઓ "वाउकाअ" શબ્દ. देखो "वाउकाअ" शब्द. Vide "वाउकाअ." उत्त० १०, ८;

वाउड. त्रि० (प्राकृत) ઢાંકેલું. ढँकाहुआ. Covered. ओघ० नि० ७२२,

वाउत्तरवडिंसग. पुं० (वातोत्तरावतंसक) એ નામનું ત્રીજા, ચોથા દેવલોકનું એક વિમાન. तीसरे चौथे देवलोक के एक विमान का नाम. A celestial abode so named of the 3rd and 4th. सम० ५,

वाउपवेस. पुं० (वायुप्रवेश) જેમાંથી પવન આવે તે-ગોખ; હવાબારી. गोखड़ा; हवा बारी; खिड़की; वातायन. A window; a balcony. ओघ० नि० ५८;

वाउब्भाम. पुं० (वायूद्भ्राम) વંટોળીઓ; ઝંઝા વાત. झञ्झा वात; प्रचंड वायु. Hurricane; strong wind. पन्न० १;

वाउभूइ. पुं० (वायुभूति) શ્રી મહાવીર સ્વામીના ત્રીજા ગણધરનું નામ. महावीर स्वामी के ३ रे गणधर का नाम. Name of the 3rd Gaṇadhara of the lord Mahāvīra. विशे० १६१६; भग० ३, १; नंदी० स्थ० २०; कप्प० ८;

वाउय. पुं० (वायुक) વાયુ; પવન. वायु; पवन; हवा. Wind; air. भग० ५, २; १८, ७;

वाउयाअ-य. पुं० (वायुकाय) વાયુ કાય, પવન. वायुकाय; पवन. Wind-embodiment; air. भग० २, १; १६, १; १८, ७; १०;

वाउरिअ-य. पुं० (वागुरिक) હરણને પાસલાથી બાંધનાર; શીકારી; વાઘરી. हिरणों को फन्देमें फँासनेवाला; व्याध; शिकारी. A hunter; a deer-catcher. विवा० ५; पण्ह० १, १;

वाउल. त्रि० (व्याकुल) આકુળ; વ્યાકુળ. आकुल; व्याकुल; विकल. Agitated; perturbed. भग० ७, ६; नाया० २; पण्ह० १, ३; जं० प० २, ३६;

वाउलि. पुं० (वातलिन) તોફાની વાયુ; વંટોળીયો. झंझावात; तुफानी वायु. A hurricane. नाया० १;

वाउल्ला. स्त्री० (*) એ નામનો ગુચ્છો. एक गुच्छे का नाम. A bush so named. पन्न० १;

वाकरण. न० (व्याकरण) ઉત્તર; જવાબ. उत्तर; जवाब. Reply; answer. नाया० १;

वाकवासि. पुं० (वल्कलवासिन्) ઝાડની છાલના વસ્ત્ર પહેરનાર; તાપસનો એક વર્ગ. वल्कल वस्त्रधारी; वल्कल के कपड़े पहिननेवाले तपस्वियों का एक वर्ग. A class of ascetics who wear bark-garment. ओघ० ३८;

वाग. पुं० (वल्क) ઝાડની છાલ-છાલ. वृक्ष की छाल का वल्कल. Bark of a tree. विशे० ६७; —[illegible]

(-रज्जु) ઝાડની છાલની દોરડી. वृक्ष की छाल की रस्सी. A cord of the bark of a tree. विवा० ६;

वागय. न० (वल्कज) સણ આદિની છાલનું સુત્ર. सन आदि के छाल का सूत्र A cord made of the bark of flax etc. अणुजो० ३७;

वागरण. न० (व्याकरण) વ્યાકરણ શાસ્ત્ર; ભાષાના નિયમ દર્શાવનાર શાસ્ત્ર. व्याकरण शास्त्र; भाषाविषयक नियमों को बतलानेवाला शास्त्र. Grammar. ओव० ३८; अणुजो० ४१; भग० २, १; नंदी० स्थ० ३०; सु० च० ४, ३; कप्प० १, ६; उवा० ७, २१६; (२) પ્રત્યુત્તર; ખુલાસો; જવાબ. प्रत्युत्तर. खुलासा; जवाब. Reply; explanation. जं० प० ७, १५८; ओव० १६; २७; सम० ५४; भग० २, १; ५; ३, १; ५, ४; ६, ३१; ३३; १५, १: १८, ७; ८; १०; नाया० ५; वेय० ३, २०; राय० ४२; २३५; जं० प० विशे० ५५०;

वागरणी. स्त्री० (व्याकरणी) કોઇએ પણ પુછેલા અર્થનો ખુલાસો આપવાની ભાષા. किसी के भी पूछेहुए अर्थ का स्पष्टीकरण करने की भाषा. A language, speech which gives a clear explanation, reply. ठा० ४, १;

वागरिय. त्रि० (व्याकृत) ખુલાસો કરેલ. स्पष्ट कियाहुआ; व्याख्या कियाहुआ. Explained. (२) જવાબ આપેલ. प्रत्युत्तर दियाहुआ. Replied. भग० २, ५; ५, ४; १५, १; उवा० ८, २५६;

वागल. पुं० (वल्कल) વલ્કલ વસ્ત્ર; ઝાડની છાલનાં વસ્ત્ર. वल्कल वस्त्र; वृक्षों की छाल के वस्त्र. Bark garment. नाया० १६; —धर. त्रि० (-धर) વલ્કલ વસ્ત્રને ધારણ કરનાર. वल्कल वस्त्रधारी. (one putting on bark-garments. नाया० १६; —वत्थ. पुं० (-वस्त्र) ઝાડની છાલનાં વસ્ત્ર. वृक्ष की छाल के वस्त्र. Bark-garment. निर० ३, ३;

वागिद्धि. स्त्री० (वागृद्धि) વાણીરૂપ ઋદ્ધિ. वाक्शुद्धि; वाणी की पवित्रता. The power of speech. जं० प० ५, ११२;

वागुरिय-अ. पुं० (वागुरिक) વાગુરા-મૃગ બંધન-પાશ વડે મૃગોને બાંધનાર; વાઘરી; શિકારી. व्याधा; बेहलिया; शिकारी; पारधी. A deer-catcher; a hunter. सूय० २, २, १८ विवा० ८,

वागुली. स्त्री० (व्याकुली) એ નામની વેલ. एक लता का नाम A creeper so named पन्न० १;

वाघाइअ. त्रि० (व्याघातिक) વ્યાઘાત જન્ય; આડખીલ-અંતરાયથી ઉત્પન્ન થએલ. व्याघात जन्य. विघ्न जन्य; अतरायसे उत्पन्न. An obstructed birth. जं० प० ७, १६६;

वाघाइम. त्रि० (व्याघातवत्) સિંહ દાવાનલ વગેરેનો ઉપદ્રવ થાય ત્યારે સંથારો કરવામાં આવે ત. सिंह, दावानल आदि के उपद्रव के समय कियाजानेवाला संथारा. A fast observed when trouble is caused by a lion, wild-fire etc. ओव० १६.

वाघात. पुं० (व्याघात) વ્યાઘાત; અંતરાય; આડખીલ. व्याघात; अतराय; विघ्न. रुकावट. Obstruction; check. सू० प० १८;

वाघाय-अ. पुं० (व्याघात) અંતરાય; વિઘ્ન. अंतराय; विघ्न. Obstruction; check. भग० १, १; ६; २, १; १, ३; २५, २; ३५, १. विशे० ३३६६; ओघ० नि० भा० ८४; पिं० नि० ४७८, ६३८; निर० १, १; जीवा० १, क० प० ३, ३; पंचा० १७, २०; —कर. त्रि० (-कर)

અટકાયત કરનાર; અંતરાય પાડનાર. अटकानेवाला; विघ्न डालनेवाला. (one) who obstructs, raises trouble उत्त० १४, ८;

वाजीकरण. पुं० (वाजीकरण=पुंस्त्वंवृत्राकृतत्वात्) વીર્ય વધારવાનો ઉપાય દર્શાવનાર શાસ્ત્ર. वीर्य वृद्धि का उपाय बतलानेवाला शास्त्र. A treatise on the means of increasing the semen. विवा० ७,

वाड. पुं० (वाट) વાડો; વંડો, પાંડા. बागड़; चहार दिवारी. घरा A fence. (२) કાંટાની વાડ काटों की चहारदिवारी A thorny hedge. उत्त० २२, १४ ३०, १८, पराह० १, १.

वाडग. पु० (वाटक) જુઓ "वाड" शब्द. देखो "वाड" शब्द. Vide "वाड." पिं० नि० ३३४, विवा० ८;

वाडि पुं० (वाटि) કાંટાની વાડ. कांटों की चहारदिवारी. A thorny hedge नाया० ७; —**परिक्खेव** पुं (-परिक्षेप) ખેતરને ફરતી કાંટાની વાડનો ઘેરાવો. खेत के चारों ओर कांटों की चहारदिवारी का घेरा. A thorny hedge running round a field. नाया० ७,

वाणपत्थ. पुं० (वानप्रस्थ) ગૃહસ્થાશ્રમ પુરો કરી એકલા અથવા સ્ત્રી સહિત વનમાં જઈ બ્રહ્મચર્ય પાળવું અને સાંસારિક કાર્યથી નિવૃત્ત થવું તે; ચારમાંનો ત્રીજો આશ્રમ. वानप्रस्थाश्रम. चार आश्रमोंमेंसे तीसरा. Going into a forest alone or with a wife and observing continence after renouncing the world; the 3rd of the 4 Āśramas. (२) त्रि० ત્રીજા આશ્રમમાં દાખલ થયેલ; વનમાં જઈ તપસ્યા કરનાર. तीसरे आश्रममें प्रविष्ट; बनमें जाकर तपस्या करनेवाला; वानप्रस्थ. (one) who has entered the 3rd Āśrama; (one) who goes to a forest for penance. भग० ११, ६; निर० ३, ३; ओव० ३८;

वाणमंतर पुं० (वानमंतर) તિર્છા લોકમાં રહેનાર દેવોની એક જાત; વાણવ્યંતર જાતિના દેવતા. तिर्छे लोकमें रहनेवाले देवताओं की एक जाति, वाणव्यंतर जाति के देवता A class of gods living in the oblique regions; gods of the Vāṇavyantara class. ओव० २४; ३८; उत्त० ३४, ५१; ३६, २०२; ठा० १, १; सम० १, अणुजो० १३४; भग० १, १; ३, १; ८; ७, ६; ६; १६, ६; १८, ७, १६, १०, २४, १२; २४, २०; २५७६; जीवा० १, पन्न० १, राय० ३१; ७४; जं० प० नाया० ध० नाया० १४; प्रव० ४५; ११४२; कप्प० ५, ६८; जं० प० ५, ११७; ११२; —**इंद** पु० (-इन्द्र) વ્યંતર દેવોનો ઇન્દ્ર. व्यंतर देवों के इन्द्र. Lord of Vyantara gods. नाया० ध० ५, —**देव.** पु० (-देव) વાણવ્યન્તર દેવતા. वाणव्यंतर देवता. Vāṇavyantara gods. नाया० १८;

वाणमंतरी. स्त्री० (वाणमन्तरी) વાણવ્યંતરની દેવી, વાણવ્યંતરી वाणव्यन्तर की देवी-- वाणव्यन्तरी देवी. Vāṇavyantara goddess भग० ३, ७;

वाणवंतर. पु० (वानव्यन्तर) વાણવ્યંતર જાતના દેવતા वाणव्यंतर जाति के देवता. Gods of Vāṇavyantara class. नाया० ८;

वाणह. पु० (* उपानह्) જોડા; પગરખા; કાંટારખા जूते; पगरखे; जोड़ी. A shoe. भग० १५, १;

वाणारसी. स्त्री० (वाराणसी) કાશી; બનારસ. काशी; बनारस. Benares;

Kāśī. निसी० ६, २०; उत्त० २, २६; अंत० ६, १६; भग० ३, ६; नाया० ४; निर० ३, २; पन्न० १; कप्प० ६, १५०; नाया० ध० ३; १०;

वाणिज्ज. पुं० (वाणिज्य) વ્યાપાર; રોજગાર. व्यापार; बेपार; रोजगार. Trade; business. जीवा० ३, ३; नाया० १८; जं० प० प्रव० २६७; उवा० १, ५१; (२) દરેક માસના શુકલપક્ષની ચોથ અને અગીયારસને દિવસે તથા સાતમ અને ચૌદશની રાતે તથા કૃષ્ણપક્ષની ત્રીજ અને દશમને દિવસે તથા છઠ્ઠ અને તેરસની રાતે આવતું સાત ચર કરણમાંનું છઠ્ઠું કરણ, ૧૧ કરણમાંનું છઠ્ઠું કરણ. ग्यारह कर्णोमेंस छठा करण, जो प्रत्येक मास की शुक्लपक्षीय चतुर्थी, तथा ग्यारस के दिन और सप्तमी एवं चतुर्दशी की रात को तथा कृष्णपक्ष की तृतीया और दशमी के दिन एवं छठी और त्रयोदशी की रात्रि को आता है. A religious ceremony coming on the day of the 4th and 11th and on the night of the 7th and 14th dates of every bright-half of a month and on the day of the 3rd and 10th and 6th and 13th dates of every dark-half of a month: the 6th karaṇa out of 11 जं० प०

वाणिय. पुं० (वणिज) વાણિયો, વેપારી बनिया; व्यापारी. A merchant. उत्त० ३५, १४; नाया० ६; १७; विवा० ८६=, राय० २४२; —**जण.** पुं० (-जन) વ્યાપારી વર્ગનો માણસ. व्यापारी वर्ग का मनुष्य. A man of business. नाया० ६;

वाणियग. पुं० (वाणिज्यक) વ્યાપાર. व्यापार; बेपार Trade. (२) વ્યાપારી; વાણિયો. व्यापारी; बनिया Merchant; trader. नाया० ८; विवा० ११४५; पिं० नि० १६६; पण्ह० १, २;

वाणियगाम न० (वाणिज्यग्राम) એ નામનું એક પ્રાચીન નગર. एक प्राचीन नगर का नाम. An ancient city so named. भग० ६, ३३; १८, १०. अंत० ६, १०; दसा० ५, ५, कप्प० ५, १२१. विवा० २; उवा० १, ३; ५८;

वाणी स्त्री० (वाणी) વાણી, વચન. वाणी. वचन. Speech, word. नंदी० स्थ० ४१.

वात. पु० (वात) વાયુ; પવન वायु, पवन, हवा. Wind; air भग० ८, २. (२) વાયુ રોગ. वायुरोग. Gout. दसा० १०, ७, —**आतव** पु० (-आतप=वात-आतपश्चेति) પવન અને તડકો. हवा और धूप. Wind and heat. दसा० १०, ३; —**खंध.** पुं० (स्कन्ध) વાયુના બંધ, ઘનવાત, તનુવાત વગેરે. वायु के स्कन्ध, घनवात; तनुवात आदि Aggregate of air molecules: gross or subtle air. ठा० ७, ४; —**पित्त.** पु० (-पित्त) વાયુ અને પિત્ત. वात, पित्त. Wind and bile. "वातपित्तमुक्तगंणियसमुवाय" दसा० १०, ७;

वातपलिक्खोभा स्त्री० (वातप्रतिक्षोभा) આઠ કૃષ્ણરાજીમાંની એક. आठ कृष्णराजियोंमें एक One of the 8 Kṛṣṇarājis. ठा० ८, १;

वातफलिहा. स्त्री० (वातपरिघा) આઠ કૃષ્ણરાજીમાંની એક. आठ कृष्णराजियोंमेंसे एक. One of the 8 Kṛṣṇarājis. ठा० ८, १;

वातायण. न० (वातायन) ગવાક્ષ; ગોખ. गोखड़ा; वातायन; गोख; गवाक्ष. A window. विशे० १६५६;

वाति. न० (वाति) ફળ વિશેષ. फल विशेष A particular fruit. भग० २२, ४;

वातिंगणी. स्त्री० (वृन्ताकी) રીંગણી. रींगनी; ळौर; बेंगन A small bringal. भग० २२, ४;

वातिक. त्रि० (वातिक) વાયુના રોગવાળો. वायुरोगवाला; वातरोगी. Gouty; rheumatic. पण्ह० १, ३;

वातिय-श्र. पुं० (वातिक) વાયુનો રોગ. वायु का रोग, वातरोग. Rheumatism. (२) त्रि० વાયુના રોગવાળો. वातरोगी. Rheumatic. भग० १८, १०; ओघ० नि० ७२२; ओव० ३६;

वातुलि. त्रि० (व्याकुलिन्) વ્યાકુળ. व्याकुल; विकल. Agitated. नाया० १;

वावकर. त्रि० (वादकार) વાદવિવાદ કરનાર. वादविवाद करनेवाला. A debater. ओव० ३१;

वादि. त्रि० (वादिन्) વાદવિવાદ કરનાર. वादविवाद करनेवाला. A disputant. दसा० ६, ४; जं० प० उत्त० ७, २१६;

वाध. पुं० (व्याध) શિકારી. शिकारी A hunter पण्ह० १, १,

वानर. पुं० (वानर) વાંદરો; વાનર. बंदर, वानर. A monkey. भग० ८, २; पिं० नि० ५१६; पण्ह० १, १; प्रव० ६३; (२) ચોથા તીર્થંકરનું લાંછન. चौथे तीर्थंकर का लांछन. Insignia of the 4th Tirthankara. प्रव० ३८१; —**कुल.** न० (-कुल) વાંદરાનું કુળ. बन्दरों का कुल. A family of monkeys. विवा० २; —**पेल्लय.** पुं० (-पेल्लक) વાંદરાનો અંડકોશ. बन्दर का अण्डकोष. Testicles of a monkey. विवा २;

वानरिया. स्त्री० (वानरी) વાંદરી. बन्दरी; वानरी. A female monkey. सु० च० १५, १२०;

वावी स्त्री० (वापी) વાવ કુવો; कूप; बावली. A well नाया० १;

वाबाहा. स्त्री० (व्याबाधा) વિશેષ પીડા. विशेष पीड़ा. Too much pain. भग० ११, १०; १४, ८; १५, १;

वाम. त्रि० (वाम) ડાબું; ડાબી બાજુનું. बायाँ; वाम; बाई ओरका Left; left side. ओव १२; आया० १, ६. ७, २२०; भग० ३, १; २; ६, ३३; प्रव० ७५४; कप्प० २, १४; नाया० १६; जीवा० ३, ४; सू० प० १६; पन्न० २; तंडु० राय० ८१; (२) પ્રતિકૂળ; વિપરીત. प्रतिकूल; विपरीत Opposite. पण्ह० १, ३; (३) पुं० ચાર હાથ વા ધનુષ્ય પ્રમાણ; વામ. चार हाथ वा धनुष्य प्रमाण; वाम. A measure equal to 4 hands. ओव० जं० प० ५, ११५; —**अंगठिय.** त्रि० (-अगस्थित) ડાબી બાજુએ રહેલ. बाई ओर स्थित. Existing on the left. प्रव० ७७; —**आवत्त.** पुं० (-आवर्त) ડાબી બાજુએ આવર્તવાળો શંખ; ડાબો શંખ बाई ओर के आवर्तवाला शंख; वाम शंख. A conch, whose spiral runs from right to left. ठा० ४, २; —**कडि.** स्त्री० (-कटि) ડાબી કેડ. बाई कमर; वाम कटि. Left loins hip. प्रव० ८८५. —**खंड.** पुं० (-खण्ड) ડાબી બાજુનો ખણ્ડ-કોઠો. बाई ओर का खण्ड-कोठार. A portion to the left. प्रव० ६२४; —**जाणु.** न० (-जानु) ડાબો ગોઠણ. बायाँ घुटना. The left knee. नाया० १६; नाया० भ० प्रव० ७७६; —**पाय.** पुं० (-पाद) ડાબો પગ. बायाँ पग.

The left foot. नाया० १३; भग० ३, १; १५, १; —पास. पुं० (-पार्श्व) डाबुं पडखुं. बाईं ओर. The left side. नाया० १; —लोकवादि पुं० (-लोकवादिन्) विपरीतपणे लोकनुं स्वरूप कहेनार. लोक स्वरूप को विपरीत रूपमें प्रकट करनेवाला. (one) who describes the nature of the world in an opposite manner. पराह० १, २. —हत्थ. पुं० (-हस्त) डाबो हाथ. बायाँ हाथ. The left hand नाया० १६;

वामंवामेणं. अ० (*वामंवामेण) जेवा साथे तेवा; प्रतिकूळमां प्रतिकूळ रीते. शठात् शाठ्य; जिससे जैसा; जैसे को तैसा; टेढ़े को टेढ़ा. By left; opposite amongst opposite. राय० २६७;

वामण. पुं० (वामन) जेना हाथ, पग, मस्तक अने डोक, लक्षणहीन होय अने पेट, छाती, पीठ, लक्षणपूर्ण-प्रमाणोपेत होय ते वामनसंठाण; कुब्जथी विपरीत लक्षणवाळुं संठाण; छ संठाणमांनुं एक. लक्षणहीन हाथ, पैर, मस्तिष्क और सिर वाला तथा लक्षणयुक्त पेट, छाती, पीठ वाला वामन संठाण कहलाता है; कुब्जसे विपरीत लक्षण वाला संठाण; छ संठाणोंमेंसे एक A figure of the body out of six; a body in which the hands, feet, head and neck are not fully developed but the abdomen, chest and back are developed. अणुजो० ११८, सम० २२७; जीवा० १; पन्न० १५; क० गं० १, ४०; (२) पार्श्वनाथजीना यक्षनुं नाम. पार्श्वनाथजी के यक्ष का नाम. Name of the Yakṣa of Pārśvanāth. प्रव० ३७६; (३) त्रि० वामन; ठींगणो. वामन; ठिंगना; बौना A dwarf; pigmy. ठा० ६, १; विवा० १; पराह० १, १; सु० च० २, ३६४;

वामणग. त्रि० (वामन+क) जेना हाथ पग वगेरे अवयवो हीन होय ते; ठींगणो. हीन अवयव वाला, बौना; ठिंगना. A dwarf. प्रव० ८०२;

वाममित्त. त्रि० (वाममात्र) वाम-धनुष्य प्रमाणनुं. धनुष्य प्रमाण का Measuring a Vāma = 4 arms. प्रव० १२३०;

वामणिया. स्त्री० (वामनिका) ठिंगणी दासी. बौनी दासी. ठिगनी चेरी. A dwarfish maid-servant. भग ६, ३३;

वामणी. स्त्री० (वामना-नी) ठींगणा शरीरवाळी दासी. बौने बदन वाली दासी. A dwarfish maid-servant नाया० १; ओव० ३३; जं० प०

वामद्दण. न० (व्यामर्दन) परस्पर अंगोपांगोनुं मोडवुं; आळस मरडवुं ते. शरीर के अंगों का मरोड़ना, आलस्य में बल खाना. Folding or stretching the limbs through idleness. ओव० ३१; नाया० १; कप्प० ४, ६१;

वामा. स्त्री० (वामा) २३ मा तीर्थंकरनी मातानुं नाम २३ वे तीर्थंकर की माता का नाम Mother of the 23rd Tīrthaṅkara. सम० प० २३०; कप्प० ६, १००;

वामूढ. त्रि० (व्यामूढ) विशेषेकरी मूर्ख. विशेषतया मूर्ख; अत्यन्त मूढ. Particularly foolish. सु० च० २, ५४४;

√**वाय.** धा० II. (वाच्) वांचवुं. पढ़ना; बाँचना. To read.

वायइ-जीवा० ३, ४; निसी० ५, ६; १६, १६; दसा० ४, ७५;

वायंति. ओव० ३१;

वायइत्ता. सं० कृ० सु० च. ६, १६०;

वाइत्तए. हे० कु० वव० ७, १. वेय० ४, ६;

✓**वाय.** धा० I. (वाद्) બજાવવું; વગાડવું. बजाना To play upon.

वायइ सु० च० ७, ६६;

वाएइ. निसी० ५, ५०;

वाएहि. भग० १५, १.

वायंत श्रोव० ३१: श्राया० २, ११, १७०; सु० च० २, ६४३, निसी० १२, ३४: जं० प०

वाय. पुं० (वाद) વાદવિવાદ; તકરાર. वाद विवाद; कलह; रार; झगडा; गालीगलौच Discussion; debate; quarrel. उत्त० १५, १५; वेय० ६, २; उवा० १; १४;

वाय. स्त्री० (वाच्) વાણી. वाणी; वाचा. Speech दस० ४, ८, ३३. सु० च० १४, २४; —**जोग.** पुं० (–योग) વાણીનો યોગ-વ્યાપાર. वाणी का व्यापार. The activity of speech. भत्त० १३१; —**विक्खलिश्र.** त्रि० (–विस्खलित) વચનથી સ્ખલના પામેલું वचन भ्रष्ट (one) slipping from words. "वायविक्खलियं नच्चा" दस० ८, ५०; —**संजय.** त्रि० (–संयत) વચનની યતનાવાળો; વાણીનો સંયમી संयमित वचनवाला, मितभाषी. Restrained in speech. दस० १०, १, १५;

वाय-श्र. पुं० (वात) વાયુ, પવન. वायु; पवन; हवा. Wind; air. श्रोव० २१; नाया० १: ८; ११; १७; भग० ३, २: ५, १; २; ७, ६; ६, ३३; १०, ३; नंदी० स्थ० ४७; पिं० नि० ८२; पन्न० २; उत्त० ६, १०; जं० प० ५, ११६; उवा० ७, १६५; (२) વાયુકુમાર, ભવનપતિ દેવતાની એક જાત. वायुकुमार; भवनपति देवता की एक जाति Vāyukumāra, a class of Bhavanapati gods. उत्त० ३६; २०४; (३) એ નામનું ત્રીજા ચોથા દેવલોકનું એક વિમાન तीसरे चौथे देवलोक का एक विमान. A celestial abode so named of the 3rd and 4th Devaloka. सम० ५, (४) વાત રોગ; વાયુનો રોગ. वात रोग. Rheumatism; gout. पण्ह० २, ५; —**श्राविद्ध.** त्रि० (–श्राविद्ध) પવનથી પ્રેરાયલું. पवनसे प्रेरित Propelled by the wind. दस० ७, ६. —**गोल्लिय** त्रि० (–नोदित) પવનથી પ્રેરાએલ. पवनसे प्रेरित. Propelled, pushed by the wind. नाया० १; —**पविश्चारण.** न० (–प्रविचारण) પવનનો સંચાર. पवन का संचार Movement of the wind प्रव० ८१४; —**भक्खि.** पुं० (–भक्षिन्) વાયુનું ભક્ષણ કરીને રહેનાર-વાયુભક્ષી તાપસનો એક વર્ગ. वायु भक्षण करकेही रहनेवाला-वायु भक्षी तापस का एक भेद. A class of ascetics who live on air. निर० ३, ३. —**मंडलिका.** स्त्री० (–मण्डलिका) જુઓ "वायमंडलिया" शब्द. देखो "वायमंडलिया" शब्द. Vide 'वायमंडलिया.' ठा० ४, २; —**मंडलिया.** स्त्री० (–मण्डलिका) વાવાઝોડું, મંડલાકારે વાતો વાયુ. अंधड़. A hurricane. भग० १५, १; —**वोज्झ.** त्रि० (–वाह्य) વાયુથી ઉડવા યોગ્ય. वायुसे उड़ने लायक Fit to be blown by the wind. नाया० १; —**निसग्ग.** पुं० (–निसर्ग) અધોવાયુ છોડવો તે. श्रधोवायु छोड़ना. Passing the wind. श्राव० १, ५;

वाय. पुं० (–वल्कल) ઝાડની છાલનું વસ્ત્ર; વલ્કલ. वृक्ष की छाल का वस्त्र. Bark-garment निर० ३, ३; —**रासि.**

पुं० (-रश्मि) ઝાડની છાલની દોરડી. वृक्ष की छाल की रस्सी. Cord made of the bark. विवा० १, ६; · **वासि.** त्रि० (-वासिन) વલ્કલ પહેરનાર. वल्कल पहिरनेवाला. (one) who wears bark-garments. निर० ३, ३;

वायकंत. पुं० (वातकान्त) એ નામનું ત્રીજા ચોથા દેવલોકનું એક વિમાન. वातकांत- तीसरे चौथे स्वर्ग का एक विमान. A celestial abode so named of the 3rd and 4th Devalokas समं० ५;

वायकण्ह. पुं० (वातकृष्ण) વત્સ ગોત્રની શાખા. वत्स गोत्र की एक शाखा. The branch of Vatsa family-origin (२) त्रि० તે શાખાનો પુરુષ. उस शाखा का एक पुरुष. A man of that branch. ठा० ७, १;

वायकरग. पुं० (वातकरक) પાણી વિનાનું (ઠાલું) કરક-ભાજન વિશેષ; ઠાલો કરવો- એક જાતનો ઘડો. जलरहित करक-भाजन विशेष; खाली घड़ा-एक जात का घड़ा. An empty pot of water. अं० प० ५, १२०; जीवा० ३, ४; राय० १२०;

वायकूड. पुं० (वातकूट) એ નામનું ત્રીજા ચોથા દેવલોકનું એક વિમાન. तीसरे चौथे स्वर्ग का एक विमान. A celestial abode so named of the 3rd and 4th Devalokas. समं० ५.

वायग. पुं० (वाचक) ઉપાધ્યાય; શાસ્ત્રના વંચાવનાર. शास्त्र पढ़ानेवाला. (one) who reads the holy texts. अणुजो० १३१; विशे० १०६२; नंदी० स्थ० ३०; प्रव० १०१५; १६८; (२) પૂર્વધર; પૂર્વના જાણનાર. पूर्व का जानकार. (one) who is versed in the Purvas. पंचा० ६, ४५; —**गंथ.** पुं० (-ग्रंथ) પૂર્વધરના પ્રકરણ. पूर्वधर का एक प्रकरण A book pertaining to one who is versed in the Purvas. पंचा० ६, ४५;

वायगत्तण. न० (वाचकत्व) વાંચન શક્તિ. वाचकशक्ति. The power of reading. नंदी० स्थ० ३६;

वायज्झय. पुं० (वातध्वज) વાતધ્વજ નામનું ત્રીજા ચોથા દેવલોકનું એક વિમાન. तीसरे चौथे देवलोक का एक विमान. A celestial abode named Vātadhvaja of the 3rd and 4th Devalokas. समं० ५,

वायण न० (वाचन) વાંચવું; કથા કરવી. बाँचना. Reading. पिं० नि० ३१५; (२) એક જાતની વનસ્પતિ. एक तरह की वनस्पति A species of vegetation. भग० २१, ७;

वायणया स्त्री० (* वाचना) જુઓ "वायणा" શબ્દ. देखो "वायणा" शब्द. Vide "वायणा" उत्त० २६, २;

वायणा. स्त्री० (वाचना) શિષ્યને ગુરુએ શાસ્ત્ર વંચાવવું તે, શાસ્ત્રની વાંચણી, ધર્મ ધ્યાનનું પ્રથમ આલંબન. शास्त्र का पढ़ना, धर्मध्यान का प्रथम आलंबन Reading a holy scripture by a preceptor for a disciple, the 1st means of religious study. अणुजो० १३; ओघ० २०; ठा० २, १; ४, १; सम० प० १६८; नाया० १; भग० २५, ७, नंदी० ४५; वव० ७, १५; कप्प० ८; —**अंतर** त्रि० (-अन्तर) વાચનાનું અન્તર; બીજી વાચના. वाचना का अन्तर; दूसरी वाचना. Another reading; interval in reading. कप्प० ५, १४७; —**अन्तेवासि** पुं० (-अन्ते-

वासित) જેને અર્થ સાથે સૂત્ર ભણાવવામાં આવ્યાં હોય તેવો શિષ્ય जिसको अर्थसहित सूत्र पढ़ाया गया हो ऐसा शिष्य A disciple who has read the sūtras with their meaning. ठा० ४, ३; वव० १०, १५; —**आयरिय** पुं० (–आचार्य) અર્થ સહિત સૂત્ર ભણાવનાર, વાચનાચાર્ય. अर्थ सहित सूत्र वाचनेवाला A preceptor who teaches a sūtra with meaning ठा० ४, ३; वव० १०, १२; —**आरिय.** पुं० (–आचार्य) વાચનાચાર્ય वाचनाचार्य. A preceptor who teaches a sūtra with meaning. भाव० ४, ७; —**संपया.** स्त्री० (सम्पत) વાચના સંપદા; ઉંચું વાંચન. उच्च अध्ययन The reading of higher quality. ठा० ८, १; समा० ४, १; ६; प्रव० ५४६;

वायणा. स्त्री० (* वायना) વાય નામની વનસ્પતિપણું. वाय नाम की वनस्पतिपना The state of the vegetation named Vāya. सूय० २, ३, १६;

वायपरिक्खोभ पुं० (वातपरिक्षोभ) જેમાં વાયુપણ ક્ષોભ પામે માટે કૃષ્ણરાજીનું એક નામ जिसमें वायुभी क्षुब्ध होजाय: कृष्णराजी का एक नाम. A name of Krṣṇarājī. भग० ६, ५;

वायप्पभ. पुं० (वातप्रभ) એ નામનું ત્રીજા ચોથા દેવલોકનું એક વિમાન. तीसरे चौथे देवलोक का एक विमान. A celestial abode so named of the 3rd and 4th Devalokas. सम० ५;

वायप्पह. पुं० (वातप्रभ) એ નામનું ત્રીજા ચોથા દેવલોકનું એક વિમાન. तीसरे चौथे देवलोक का एक विमान. A celestial abode so named of the 3rd and 4th Devalokas. सम० ५;

वायफलिहक्खोभ. पुं० (वातपरिघक्षोभ) વાયુને ભોગળની પેઠે ક્ષોભાવનાર હોવાથી તમસ્કાયનું એક નામ वायु को परिघ (बेड़ा) के समान क्षुब्धकरनेवाला होनेसे तमस्काय का एक नाम. A name of Tamaskāya (a column of smoke). ठा० ४, २;

वायफलिहा स्त्री० (वातपरिखा) વાયુની ખાઇરૂપ હોવાથી કૃષ્ણરાજીનું એક નામ. वायु की खाई रूप होनेसे कृष्णराजी का एक नाम. A name of Krṣṇarāji being in the form of a ditch of wind. ठा० ४, २, भग० ६, ५;

वायय. पुं० (वाचक) વાંચનાર; કથા કરનાર. वाचनेवाला A reader. भग० ११, ११;

वायल्लेस्स. पुं० (वातलेश्य) એ નામનું ત્રીજા ચોથા દેવલોકનું એક વિમાન. तीसरे चौथे देव लोक का एक विमान. A celestial abode so named of the 3rd and 4th Devalokas सम० ५;

वायवण्ण. पुं० (वातवर्ण) એ નામનું ત્રીજા ચોથા દેવલોકનું એક વિમાન. तीसरे चौथे देवलोक का एक विमान. A celestial abode so named of the 3rd and 4th Devalokas सम० ५;

वायवह. त्रि० (वातवह) અધો વાયુ અથવા શ્વાસ વાયુને મુકવો તે. अधोवायु अथवा श्वास वायु छोड़ना. Passing, exhaling the wind or breath प्रव० ४४४;

वायव्वा. स्त्री० (वायव्या) વાયવ્ય ખૂણો. वायव्य कोण North-west. भग० १०, १;

वायस पुं० (वायस) કાગડો. काक; कौआ. A crow. अणुजो० १४७; पण्ह० १, १; पण० १; प्रव० २४६; उवा० ७, २१३;

वायसपरिमंडला. स्त्री० (वायसपरिमण्डला) કાક આદિ પક્ષીઓના શબ્દોનું ફલાફલ જાણવાની વિદ્યા. काक आदि पक्षियों के शब्दों का फलाफल जानने की विद्या. The science of divining from the sounds of birds such as a crow etc. सूय० २, २, २७.

वायसिंग. पुं० (वातशृङ्ग) વાતશૃંગ નામનું ત્રીજા ચોથા દેવલોકનું એક વિમાન. तीसरे चौथे देवलोक का एक विमान. A celestial abode named Vātaśranga of the 3rd and 4th Devalokas. सम० ५;

वायसिद्ध पुं० (वातसिद्ध) વાતસિદ્ધ નામનું ત્રીજા ચોથા દેવલોકનું એક વિમાન. तीसरा चौथे देवलोक का एक विमान A celestial abode named Vātasiddha of the 3rd and 4th Devalokas. सम० ५;

वाया. स्त्री० (वाच्) વાચ-વાણી; વચન. वाणी; वचन. Speech. आया० १, ७, १, १६६; उत्त० १, १५; ४३; विशे० ५७६; आव० १, ३. —**दुरुत्त.** न० (-दुरुक्त) વચનના પ્રહાર; દુષ્ટ વચનના ઘા. वचन का प्रहार Abuse; stroke of harsh words " वायादुरुत्ताणि दुरुद्धराणि " दस० ६, ३, ७; —**वीरिय.** न० (-वीर्य) વચન રૂપ સામર્થ્ય. વચન બળ. वचन की ही शक्ति, वचनबल. Power of speech. सूय० १, ४, १, १७;

वायाइद्ध. स्त्री० (*वाताविद्ध) અકાળે સુકાઈ ગએલ. असमयमें सूखगया. Untimely dried. ओघ० नि० ६८६;

वायाम. पुं० (व्यायाम) કસરત; વ્યાપાર; ચેષ્ટા. कसरत. Exercise. ओव० ३१; ठा० १, १; नाया० १; राय० ३२; कप्प० ४, ६१;

वायामित्त न० (वाङ्मात्र) માત્ર વાચા-વાણી. वचनमात्र. Only speech. गच्छा० ७१;

वायालत्त. न० (वाचालत्व) વાચાલપણું. वाचालता. Talkativeness सू० च० ४, १३६;

वायावत्त पुं० (वातावर्त) એ નામનું ત્રીજા ચોથા દેવલોકનું એક વિમાન. तीसरे चौथे देव लोक का एक विमान A celestial abode so named of the 3rd and 4th Devalokas सम० ५;

वायु. पुं० (वायु) પવન; વાયરો. हवा. The wind. नाया० ११; —**जोग.** पुं० (-योग) પવનનો જોગ पवन का योग. Contact with wind. नाया० ११;

वायुकुमार. पुं० (वायुकुमार) વાયુ કુમાર નામે ભવનપતિ દેવતાની એક જાત. वायु कुमार नामक भवनपति देवों का एक भेद. A class of Bhavanapati gods named Vāyukumārs सम० ६६; ठा० २, २; भग० ३, ७;

वायुकुमारी. स्त्री० (वायुकुमारी) વાયુકુમાર જાતના ભવનપતિ દેવોની દેવી. वायुकुमार जाति की देवी. Wife of Bhavanapati gods of Vāyukumāra class. भग० ३, १;

वायुभूइ. पुं० (वायुभूति) મહાવીર પ્રભુના એક ગણધરનું નામ. वीर प्रभु का एक गणधर. Name of a Gaṇadhara of the Lord Mahāvīra. सम० ११;

✓**वार** धा० I. (वृ+णि) વારવું; અટકાવવું. रोकना. To check; to stop.

वारेइ. पिं० नि० १११;

वारेमो. पिं० नि० ४५८;

वारिज्जा विधि० उत्त० १, ११;

वारड़. प्रश्ना० सु० च० ४, २४४;

वारिया. सं० कृ० सूय० १, ६, २८;

वारेउ हे० कृ० सूय० १, ३, २, ७;

वारिज्जमाण. व. कृ. नाया० १६; नाया० ध०

वार. न० (वार) वार नामे चोथी नरकनो नरकावासो. चौथे नरक का एक पटल. The 4th hell-abode named Vāra. ठा० ६, १, (२) वखत; टाईम. Time. विशे० ४३६; (३) न्हानो घडो; गोळ राखवानो घडो. छोटा घड़ा; गुड़ रखने का एक घड़ा. A small pot; a pot for keeping molasses. जीवा० ३, १; निसी० १७, ३०; दस० ५, १, ७५; —उदग. न० (–उदक) गोळना घडानुं पाणी. गुड़ के घड़े का पानी. Water from a pot in which molasses is kept. निसी० १७, ३०; —धोयण. न० (–धावन) गोळना माटला वगेरेनुं धोवण. गुड़ के घड़े आदि के धोने का पानी. Washing of a pot used for keeping molasses. दस० ५, १, ७५;

वारंग पुं० (वारंग) अरिसानो हाथो; दांडी. दर्पण का दंडा. A mirror handle. जीवा० ३, ४;

वारंवारेण. अ० (वारंवारेण) वारंवार; पुनः पुनः बारबार. Again and again. प्रोघ० नि० ३६१; (२) पोत पोतानो वारो होय त्यारे. अपनी अपनी बारीपर. According to one's turn नाया० १६;

वारक. पुं० (वारक) माटली; माटलो. मटकी; मटका. A small pot. अणुजो० १३२; राय० ३४;

वारग. पुं० (वारक) नानो घडो. छोटा घड़ा. A small pot. पिं० नि० २७८; राय० ३४; (२) भूलथी अटकावनार; भूल सुधारनारे. भूल सुधारनेवाला. (one) who corrects, checks an error. प्रोघ० ३८;

वारडिय. न० (*) लाल वस्त्र. लाल वस्त्र. Red garment. गच्छा० ८६;

वारण. पुं० (वारण) हाथी. हाथी. An elephant प्रोघ० १०; जीवा० ३, ३; (२) न० अटकावनुं. Checking. पंचा० ५, २१; गच्छा० ५१; पिं० नि० ३६२;

वारय. पुं० (वारक) अशुद्ध पाठ करनारने रोकनार अशुद्ध पाठ करनेवाले को रोकनेवाला. (one) who checks a careless reader. भग० २, १; उवा० ७, १८४; कप्प० १, ६;

वारविलया. स्त्री० (वारवनिता) वेश्या; रंडी. वेश्या; रंडी. A prostitute. सु० च० २, ६५१; ८, ४६८;

वाराह. पुं० (वाराह) नवमा, सुविधिनाथ तीर्थंकरना प्रथम गणधरनुं नाम. नवमें तीर्थंकर–सुविधिनाथ का एक गणधर. Name of the 1st Gaṇadhara of the 9th Tīrthaṅkara named Suvidhinātha. सम० प० २३३; उवा० २, १०१; (२) छठ्ठा बळदेवना त्रीजा पूर्वभवनुं नाम. छठे बलदेव के तीसरे पूर्वभव का नाम. Name of the 3rd past life of the 6th Baladeva. सम० प० २३६;

वारि. न० (वारि) पाणी; जळ. पानी. Water. उत्त० २५, २६; भग० ६, ३; नाया० ५; —धारा. स्त्री० (–धारा) पाणीनी धारा. जलधारा. A current of water. नाया० १; भग० ३, ३३; —मज्झ. पुं० (–मध्य) पाणीनी अंदर; वच्चे. पानी के बीचमें. In the middle of water. सूय० १, ५;

वारिज्ज. पुं० (*) परणवानी क्रिया; लग्न क्रिया. विवाहक्रिया. Marriage. अणुजो० १३०;

वारित. त्रि० (वारित) निवारेलुं; निषेधेलुं. निषिद्ध. Prohibited; checked. पंचा० ६, ३५;

वारिय. त्रि० (वारित) अटकावेलुं. रोकागया. Checked. पिं० नि० ४६१;

वारिसेण. पुं० (वारिसेन) जम्बूद्वीपना ऐरवत क्षेत्रमां चालु अवसर्पिणीमां थयेल चोवीसमा तीर्थंकर. जम्बूद्वीप के ऐरवत क्षेत्रमें इसी अवसर्पिणि कालमें हुए चोवीसवें तीर्थंकर का नाम. The 24th Tīrthaṅkara born in the current cycle in Airavata region of Jambūdvīpa. सम० प० २४०; प्रव० ४६७; (२) अणुत्तरोववाइ सूत्रना प्रथम वर्गना पांचमा अध्ययननुं नाम. अणुत्तरोववाइ सूत्र के प्रथम वर्गके पांचवें अध्ययन का नाम. Name of the 5th chapter of the 1st group of Aṇuttarovavāi sūtra. अणुत्त० १, ५; (३) श्रेणिक राजानी धारणी राणीना पुत्र के जे दीक्षा लइ ११ अंग भणी गुणरयण तप तपी सोळ वर्षनी प्रव्रज्या पाळी विपुल पर्वत उपर एक मासनो संथारो करी सर्वार्थ सिद्ध विमाने तेत्रीश सागरने आउखे उत्पन्न थया त्यांथी महाविदेहमां मनुष्य थइ मोक्ष जशे. विपुलाचल पर एक मास का संथारा करके सर्वार्थसिद्धिमें उत्पन्न हुआ अब महाविदेहमें उत्पन्न होकर मोक्ष जायगे. The son of the queen Dhāriṇī, the wife of the king Śreṇika, who being consecrated studied the 11 Aṅgas, practised Guṇarayaṇa penance, remained an ascetic for 16 years and fasting for a mouth on the Vīpula mountain was born in Sarvārtha Siddha celestial abode. Thence will he attain salvation after being born as a man in Mahāvideha. अणुत्त० १, ५;

वारिसेणा. स्त्री० (वारिषेणा) वारिषेण नामनी शाश्वती जिनप्रतिमा. इस नामकी एक शाश्वती जिनप्रतिमा. An eternal Jina image named Vāriṣeṇa. ठा० ४, २; जीवा० ३, ४; राय० १५४; (२) उर्ध्वलोक वासी आठ दिशाकुमारीमांनी सातमी. आठ दिशाकुमारियोंमेंसे सातवीं The 7th of the 8 Diśākumāris of the upper world. जं० प० ५, ११३; (३) ए नामनी एक नदी के जे मेरुनी उत्तरे रक्तवती नदीने मळे छे. A river so named that meets the river Raktavati to the north of Meru. ठा० ५, ३;

वारुणा. त्रि० (वारुण) आर्द्रा, मूल, आदि नक्षत्रोमां थयेल पवन संबन्धी उत्पात के जे आवता वर्षनी शुभ निशानी रूपे मनाय छे. आर्द्रा, मूल आदि नक्षत्रोंमें होनेवाला पवन का उत्पात जो कि आगामी वर्ष की शुभ निशानी रूपमें माना जाता है An aerial disturbance in some constellation *e. g.* Ārdrā, Mūla etc. which is considered as an auspicious sign of the coming year. अणुजो० १४७; (२) वरुण समुद्रना देवनानुं नाम. Name of the god of Varuṇa samudra. जीवा० ३, ४; (४) वरुण नामनो समुद्र. इस नामका समुद्र. A sea named

Vāruṇa. जीवा० ३, ४; (५) त्रीश मुहूर्तमांना पंदरमा मुहूर्तनुं नाम. तीस मुहूर्तों मेंसे पंद्रहवें मुहूर्त का नाम. Name of the 15th of the 30 muhūrtas. जं० प० ७, १५२,

वारुणिकंत. पुं० (वारुणीकान्त) वरुण समुद्रना देवतानुं नाम. वरुण समुद्र का देव. Name of the god of Varuṇa Samudra. जीवा० ३, ४;

वारुणि. स्त्री० (वारुणी) नवमा तीर्थंकरनी मुख्य साध्वी. नवमें तीर्थंकर की मुख्य साध्वी. The chief nun of the 9th Tīrthaṅkara. सम० प० २३४; प्रव० ३५०; ३०८; (२) मदिरा; दारु. Wine. उत्त० ३४, १४; जीवा० ३, ३; पन्न० १७; (३) वारुणी दिशा-पश्चिम दिशा. पश्चिम दिशा. The west. भग० १०, १; (४) उत्तर दिशाना रुचक पर्वत पर वसनारी आठ दिशा कुमारीकाओमांनी चोथी. उत्तर दिशा के रुचक पर्वतपर बसनेवाली आठ दिशा कुमारियोंमेंसे एक. The 4th of the 8 Diśākumāris residing on the Ruchaka mountain in the worth. जं० प० ५, ११४;

वारुणोदग. पुं० (वारुणोदक) जेनुं पाणी मदिरा सरखुं छे ते समुद्र. एक समुद्र का नाम, जिस का पानी मदिरा सरीखा है. A sea whose water is like wine. ठा० ४, ४;

वारुणोदग. न० (वारुणोदक) वारुण समुद्रनुं मदिरा जेवुं पाणी. वारुण समुद्र का मदिरा सरीखा पानी. Wine-like water of Vāruṇa Samudra. पन्न० १;

वाल. पुं० (व्याल) सर्प. सर्प. A serpent. (२) जंगली हिंसक प्राणी; वाघ वगेरे. जंगली हिंसक प्राणी, बाघ वगैरः A wild beast. ओघ० नि० २४; विशे० २०४२; ओव० ३८; जीवा० ३, ३; भग० २, १; १५, १; नाया० १; राय० ४३; कप्प० ३, ४४;

वाल. पुं० न० (बाल) वाळ; केश. बाल. Hair. भग० ७, ८; नंदी० १४; ओव० ३१; सुय० २, २, ६; नाया० १, १, ६, ५३; अणुजो० १३४; पिं० नि० ४०५; नाया० १; निसी० १०, ५०; राय० २५३; प्रव० ११०७; (२) काश्यपगोत्रनी शाखा. काश्यप गोत्र की शाखा. The branch of Kāśyapa family-origin. (३) ते शाखामां उत्पन्न थयेल पुरुष. उस गोत्रमें उत्पन्न हुआ पुरुष. A man born in that branch. ठा० ७, १; **—चिय.** पुं० (-चित) केश रोम वगेरेथी व्याप्त जेनुं शरीर छे ते पुरुष. जिस का शरीर बालोंसे भरा हुआ है. (one) whose body is hairy. पिं० नि० ४०५; **—बंध.** पुं० (-बंध) वाळ-केश बांधवा ते; अंबोडो. कबरी; केशबन्ध; जूडा. Braid of hair. विवा० ८; नाया० १७; **—सुत्तरज्जु.** स्त्री० (-सूत्ररज्जु) वाळरूप सूत्रनी दोरडी. बालों की रस्सी, लट. A cotton thread in the form of hair. विवा० ६;

वालग. पुं० (व्यालक) सर्प. सर्प. A snake. ओव०

वालग. पुं० (बालक) सुधरीनो माळो. नाया० २, १, ८, ४३; (२) वाळनी बनावेली चाळणी; धरणी. बालों की बनीहुइ चलनी. A sift made of hair. नाया० २, १, ८, ४३;

वालग्ग. पुं० न० (बालाग्र) आठ रथरेणु प्रमाणु, देवकुरु उत्तरकुरु क्षेत्रना जुगलीआना वाळनो अग्रभाग. आठ रथरेणु ; ...वकुरु उत्तरकुरु के जुगलिया के बाल का अग्र-भाग. The tip, measuring eight

Ratharenus, of the hair of jugaliyas who inhabit Deva-kuru Uttarakuru region. भग० ६, ५: जं० प० ५, ११५; २, १६; प्रव० १०३४; —कोडि. स्त्री० (–कोटि) वालाग्र-वाळना अग्रभागनी करोड संख्या; करोडो वाळाग्र. बाल के अग्रभाग की करोड संख्या. A crore of Vālāgras. भग० ६, ७;

वालग्गपोइया. स्त्री० (वालाग्रपोतिका) तळाववनी अंदर हवा खावाने बांधेलो महेल; हवा महेल. तलाब के भीतर हवा खानेके लिये बनाया गया महल; हवा महल An open palace built in a lake उत्त० २४, ६; जीवा० ३, ३: सू० प० ३; जं० प०

वालपुच्छ. पुं० (वालपुच्छ) चामर. चमर. Chamar. जं० प० ७, १६६;

वालय. न० (वालज) पशुओना वाळथी उत्पन्न थतुं सूत्र. पशुओं के बालोंसे उत्पन्न हुआ सूत्र. Thread spun out of hair of animals. अणुजो० ३७;

वालवीयण. न० (वालव्यजन) चमरी; चामर. चमर. Chamar. (२) पंखो. पंखा. A fan. ओव० १२; भग० १३, ६; (३) मोरना पींछानुं वीजणुं. मयुर पिच्छ का पंखा. A fan of pea-cock feathers. सूय० १, ६, १८;

वालवीयणिया. स्त्री० (वालव्यजनिका) चमरी. छोटा पंखा. A small chamar. विवा० २; नाया० १;

वालवीयणी. स्त्री० (वालव्यजनी) चमरी. छोटा पंखा. A small chamar. (२) वींजणो. पंखा. A fan. ठा० ५, १; ओव० ३१;

वालि. स्त्री० (पालि) धार; अडने फरती पाळ. धार. Ram. जं प०

वालि. पुं० (वालिन्) वाळ-रुंवाटावाळुं जानवर. बाल-रोमवाला जानवर. A hairy animal. अणुजो० १३१;

वालिहाण. पुं० (वालधान) वाळने धारण करनारुं; पुछडुं. बालवाला. That which holds hair e. g. a tail भग० ६, ३३; नाया० ३; उवा० ७, २०६;

वालु. पुं० (वालु) वज्र जेवी रेती बनावी तेमां नारकीने दुःख आपनार परमाधामीनी एक जात. नारकियों को दुख देनेवाले परमाधामी-असुर देवों की एक जाति, जो वज्र के समान रेति बनाकर नारकियों को दुःख देते है. A class of hell-guards who torture hell-beiugs with adamantlike sand. प्रव० ११०१;

वालुंक. न० (वालुङ्क) चीभडुं. खरबूजा. A kind of cucumber. अणुज० ३, १; पिं० नि० ६३७;

वालुंकी. स्त्री० (वालुङ्की) काकडी; वनस्पति विशेष. ककडी. A kind of cucumber. भग० २२, ६; २३, ३: पन्न० १;

वालुय. पुं० (वालुक) भट्ठीमां चणा सेके तेम नारकीने रेतीमां सेकनार परमाधामी; पंदर जातना परमाधामीमांनो एक. भाडमें चना भूँजने के समान नारकियों को वालुमें भूँजनेवाले निकृष्ट देव; पंद्रह तरह परमाधामीमेंसे एक. One of the 15 kinds of hell-guards who parch hell-beings in saud like grams. सम० १५; (२) रेती; वेळु. बालू. Sand. भग० ६, ३३;

वालुयप्पभा. स्त्री० (वालुकाप्रभा) त्रीजी नरक; त्रीजी नरकनी पृथ्वी. तीसरे नरक की पृथ्वी. The 3rd hell-region.

अणुजो० १०३; भग० ५, ८; पन्न० १; ठा० ७, १;

वालुअप्पहा. स्त्री० (वालुकाप्रभा) जुओ "वालुअप्पभा" शब्द. देखो "वालुअप्पभा" शब्द. Vide 'वालुअप्पभा.' अणुजो० १३४, प्रव० १०८६;

वालुआ-या. स्त्री० (वालुका) वेणु; रेती. वालू Sand. ज० प० ३, ५८; ओव० ३६; उत्त० ३६, ७३, सूय० १, ५, १, १; अणुजो० १०३; नाया० १, भग ३, ७, ११, ६; निर० ३, ३; सू० प० २०; जीवा० ३, २; पन्न० १, कप्प० ३, ३२. राय० १०८. सम० प० २१३,

वालुयाभा स्त्री० (वालुकाभा) वालुकाभा नामे त्रीजी नरक पृथ्वी. तीसरे नारकी पृथ्वी The 3rd hell-region named Vālukābhā. उत्त० ३६, १५५;

वावड. त्रि० (व्याप्त) प्रवृत्त थएल; व्यापार युक्त कामने लगाहुआ. Devoted to, Applied in. पण्ह० १, २, सु० च० १, ६५, ७, १८७,

वावण्ण. त्रि० (व्यापन्न) नष्ठ थएलुं. नाश पामेल. विनष्ट. Destroyed. नाया० १२. (२) व्याप्त थयेलुं, भरेलुं. Filled. पण्ह० १, १; (३) सम्यक्त्वथी भ्रष्ट थएल; जमालि आदिनी पेठे निह्नव थइ गयेल. सम्यक्त्वसे गिरे हुआ. Fallen from right belief; (one) who has become a heretic like Jamāli and others. उत्त० १८, १८; पन्न० १; प्रव० ६४२; —सोणा. स्त्री० (—श्रोणा) रोगथीनष्ट थयेल गर्भाशयवाळी. रोगसे जिसका गर्भ नष्ट हो गया है ऐसी स्त्री. A woman whose womb is destroyed by some disease. ठा० ५, ३;

वावत्ति. स्त्री० (व्यावृत्ति) हिंसादिथी निवृत्ति पामवी ते. निवृत्त होना; अलग होना. Freedom from injury etc. ठा० ३, ४; (२) दुःखनी वात. दुःख की बात. A sad news नाया० ६; (३) गुण नाशक; मैथुन. गुण नाशक; मैथुन. Sexual enjoyment that destroys merits पण्ह० १, ४;

वावहारिअ. त्रि० (व्यावहारिक) व्यवहार संबंधी; व्यवहारमां आववा योग्य. व्यवहारमें आनेवाली; व्यवहार मान्य Pertaining to business. "परमाणु दुविहे पण्णत्ते तंजहा सुहुमेय वावहारिए य" ज० प० विशे० ६५६; —णय. पुं० (—नय) व्यवहार नय; सात नयमांना नैगम, संग्रह, व्यवहार, अने ऋजु सूत्र, ए चार नय. सात नयोंमेंसे तीसरा नय. Stand point of business; the third of seven standpoints *viz*. Naigama, Sangraha, Vyavahāra and Rijusutra out of the seven. भग० १८, ६.

वावाइअ त्रि० (व्यापादित) नष्ट करेल. नष्ट किया गया Destroyed. सु० च० ११; १६;

वावार. पु० (व्यापार) उद्योग; कामकाज. उद्योग. Industry; business. (२) प्रवृत्ति; चेष्टा. प्रवृत्ति. Movement; activity. विशे० १८४; ओघ० नि० ७०; सु० च० ३, ३४; पंचा० १, २६;

वावारियव्व. त्रि० (व्यापारयितव्य) व्यापार करवा योग्य. व्यापार करने लायक Fit to conduct business सु० च० ६, १३१;

वाविं. त्रि० (व्यापिन्) व्यापक. व्यापक. Pervading; diffusive. विशे० १५२०;

वावित्त. न० (व्यापित्व) व्यापी-व्यापकपणुं. व्यापक पना. The state of pervading. विशे० २१५; १३६६;

वाविचि. स्त्री० (व्यावृत्ति) विनाश; अंत. विनाश; अंत; निवृत्ति. Destruction. अंत० ६, ३;

वाविद्दसोया. स्त्री० (व्याविद्धस्रोतस्) वातादिथी शक्तिरहित गर्भाशयवाळी. वात आदिसे शक्तिरहित गर्भाशयवाली (one) whose womb is powerless due to Vāta. etc. ठा० ५, २;

वाविय. त्रि० (वापित) वावेलुं. बोया गया. Sown. जं० प० ३, ५२;

वाविया. स्त्री० (वापिता) जे एक वार वाव्याथी ऊगे ते कृषि. जो एक बार बोनेसे उगे ऐसी खेती. Agriculture that grows by sowing once. ठा० ४, ४;

वावी. स्त्री० (वापी) वाव; कूवो. कूवा. A well. ठा० २, ४; ओव० ३८; अणुजो० १३४; भग० ५, ७; ८, ६; नाया० २; ६; १३; सु० च० १, ४६; १५, १०१; निसी० १२, २१; जीवा० ३, ३; सू० प० १०; पन्न० २; राय० १३२; जं० प० ७, १५६;

वास. धा० I. (वृष्) वरसवुं; वृष्टि करवी. बरसना; वृष्टि होना. To rain.

वासइ. भग० १५, १; जं० प० ७, १५१;

वासति. भग० १६, ८;

वासंति. राय० ३५; १८३; भग० २, ५; ६, ५; जीवा० ३, ४; जं० प० ५, १२१; ११३;

वासिहिति. भवि० भग० १५, १;

वासिहिंति. ,, भग० ७, ६; जं० प० २, ३६;

वासेत. दसा० ५, १, ८;

वासेमाण. भग० ३, २;

वास. पुं० (वास) निवास; रहेठाणु. रहने का स्थान; निवास. Residence; abode. (२) वसवुं; निवास करवो. निवास करना. To reside. उत्त० २५, २६; सूय० १, ७, १३; राय० १६; उवा० १, ४२; विशे० ७; (३) गंधवास; कोई पुट वगेरे सुगंधी द्रव्य. गंध. Odour; perfume. उत्त० ३४, १७; राय० ५६;

वास. पुं० (वासस्) वस्त्र; कपडुं. कपडा. Cloth; raiment. पण्ह० १, ४;

वास. पुं० न० (वर्ष) वर्ष; साल; संवत्सर. साल; बारह महिना; वर्ष. A year. उत्त० ३४, ४१; सम० १; सूय० १, २, ३, ८; २, ६, ५२. अणुजो० १ ३; ११५. ओव० १४; भग० १, ६; २, १; ३, १; २; ५, ६; ७, ६; १५, १; १६, ४, २४, १, २०; ४०, १; नाया० १, २; ५; ८, १२; १४; १५; १६. विशे० ६१०. विवा० १; ५; दसा० ६, १; जीवा० १; सू० प० २०; जं० प० उवा० १, ७४, प्रव० ४०३; १४६४; निर० ३, १; कप्प० २, ३०; ६, २०४; क० प० १, ७५; (२) वरसाद पडे ते. वर्षा होना. पानी गिरना. Falling of rain; downpour of rain. भग० १६, ८; पिं० नि० भा० १८; (३) कर्म भूमि अकर्म भूमिनां भरत आदि क्षेत्र. वर्ष भरतक्षेत्र वगैरह कर्म भूमि अकर्म भूमि के क्षेत्र. Regions of Karma Bhumi (land of action) and Akarma Bhumi (land of inaction) like Bharata etc. अणुजो० १२७; ठा० २, ४; पन्न० २; जं० प० ५, १२०; ६, १२५; भग० ७, ६; नाया० १; ८; कप्प० १, २;

—**अंतर.** न० (-अन्तर) वर्षनुं आंतरुं. वर्ष का अन्त. Internal of a year. जं० प० ३, ४१; ४२; —**काल.** पुं० (-काल) चोमासुं; वर्षाकाळ. चौमासा The rainy season. प्रव० ६१०; —**कोडि.** स्त्री० (-कोटि) क्रोड वर्ष. क्रोड वर्ष. A crore of years. भग०

